# :: Order Below Exh. 5 in Regular Civil Suit No. 52 / 2018 ::

**સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ –૧૫૧ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી :–**

(૧) સદરહુ અરજી વાદી ધ્વારા અત્રે કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી સંગીતાબેન તે વિપુલકુમાર રમણભાઈના પત્ની, રહે. મુ.ભોલેશ્વર, પો.કાટવાડ, તા.હીમતનગર, જી.સાબરકાંઠાના રહીશ છે અને ઘરકામ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે.

આ કામના પ્રતિવાદી વિપુલભાઈ રમણભાઈ પટેલ વાદીના પતિ થાય છે. વાદી અને પ્ર તિવાદીના લગ્ન હીન્દુ રીતીરીવાજ મુજબ અમરોલી, સુરત મુકામે તા.૯/૭/૨૦૦૭ ના રોજ થયેલા. લગ્ન જીવનથી વાદી તથા પ્રતિવાદીને બે દીકરીઓ છે. લગ્ન વખતે વાદી ને તેમના પિતાજીના ઘરે થી કરીયાવર પેટે ભેટ–સોગાદો તેમજ સર–સામાન લઈને આ કામના પ્રતિવાદી સાથે મોજે.જમાલપુર, તા.માલપુર, જી. અરવલ્લી મુકામે રહેવા ગયેલા.

વાદીના કથન પ્રમાણે તેમનુ લગ્ન જીવન શરુઆતના એકાદ બે વર્ષ સારુ ચાલેલુ અને તેમને વર્ષ ૨૦૦૮ માં એક પુત્રીનો જન્મ થયેલો. આ કામના પ્રતિવાદી નોકરી કરતા હોઈ નોકરી માટે આદીપુર, ગાંધીધામ મુકામે એક વર્ષ રોકાયેલા ત્યારબાદ ટ્રાન્સફર થઈ ભુજમાં નોકરી કરવા ગયેલા. ત્યારબાદ વાદી તથા પ્રતિવાદીને સને ૨૦૦૯ માં બીજી પુત્રીનો જન્મ થયેલો. સને ૨૦૧૩ માં આ કામના પ્રતિવાદીની કલોલ મુકામે નોકરી ટ્રાન્સફર થતા વાદી તથા પ્રતિવાદી તેમની બંને પુત્રીઓ સાથે કલોલ મુકામે રહેવા ગયેલા.

સદર સમયગાળા દરમ્યાન આ કામના પ્રતિવાદી વાદી તથા તેમની દીકરીઓને સારી રીતે રાખતા ન હોઈ અને પુત્રીઓ હોવાના કારણે ઓરમાયુ વર્તન કરતા હતા. સદર સમયગાળા દરમ્યાન સને ૨૦૧૫ માં આ કામના વાદીને ગર્ભ રહેલો અને આ કામના પ્રતિવાદી કહેતા હતા કે તારે તો દીકરીઓ જ જન્મે છે અને તારા ગર્ભનુ પરીક્ષણ કરવાનુ છે અને ગર્ભ પરીક્ષણ કરાવતા ગર્ભ માં પુત્રી હોવાનુ પ્રતિવાદીને ખબર પડતા પ્રતિવાદીએ વાદીને માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કરેલુ અને મારઝુડ કરતા હતા. તે દરમ્યાન વાદીને પેટ પર લાત વાગવાથી અને ઈજા થવાથી ગર્ભ માં જ ગર્ભપાત થયેલો. તેમ છતા આ કામના વાદી પ્રતિવાદી સાથે રહેતા હતા.

ત્યારબાદ વાદી અને પ્રતિવાદી હીમતનગર ભોલેશ્વર મુકામે કાટવાડ ગ્રામ પંચાયતની સીમ ના સર્વે નં.૫૪૫ પૈકી પ્લોટ નં. ૪૯ નુ મકાન નં. ૯૪૮ ખરીદેલ અને તે ખરીદતી વખતે વાદી પાસેથી આ કામના પ્રતિવાદીએ રૂા. ૫ લાખ લઈ આવવાનુ કહેલુ અને નહી લાવે તો તારી સાથે નહી રહુ તેમ કહી મારઝુડ કરી વાદીને પહેરેલ કપડે કાઢી મુકેલ. આ કામના પ્રતિવાદી હીમતનગર ભોલેશ્વર મુકામે કાટવાડ ગ્રામ પંચાયતની સીમના સર્વે નં.૫૪૫ પૈકી બીન ખેતી લાયત જમીનના પ્લોટ નં. ૪૯ નુ મકાન નં. ૯૪૮ માં રહેવા માટે આવી ગયેલા.

વાદીના કથન મુજબ સદરહુ મકાન પ્રતિવાદીના નામે ચાલે છે જે હવે પછી થી દાવા વાળુ મકાન તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. સદરહુ મકાનમાં વાદી તથા પ્રતિવાદી તથા તેમના બાળકો સાથે રહેતા હતા ત્યારબાદ પ્રતિવાદી તરફથી વાદીને માનસીક અને શારીરીક ત્રાસ વધી જતા તેમને હીમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી તથા વાદીએ તેમનુ તેમજ દીકરીઓનુ ભરણ પોષણ મેળવવા માટે હીમતનગરના મે. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં.૭૫૫/૨૦૧૬ થી ભરણ પોષણની અરજી કરેલી તેમજ એચ.એમ.પી. નં.૫૬/૨૦૧૬ થી હીમતનગરના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં માનસીક ત્રાસના લીધે છુટાછેડા મેળવવા માટેની અરજી કરેલી અને ત્યારબાદ કાયમી ભરણ પોષણ મેળવવા માટે કેસ નં. ૫૭/૨૦૧૬ થી અરજી દાખલ કરેલી. સદરહુ અરજીઓની બજવણી થતા પ્રતિવાદી જે તે કોર્ટમાં હાજર થયેલા અને જે તે વખતે મે. ફેમીલી કોર્ટમાં સમાધાન થતા આ કામના પ્રતિવાદી વાદીને માનસીક તેમજ શારીરીક ત્રાસ નહી આપે તેવુ લખાણ કરી આપે તથા વાદીને દર મહીને રૂા. ૭ હજાર ભરણ પોષણ પેટે ચુકવી આપવાનુ નકકી કરીને તેડી ગયેલા. જેથી સદરહુ ફરીયાદો વિડ્રો કરવામાં આવેલી.

તે સમયથી આ કામના વાદી પ્રતિવાદી સાથે રહેવા ગયેલા અને હાલમાં પણ વાદી પ્રતિવાદી સાથે હીમતનગર ભોલેશ્વર મુકામે કાટવાડ ગ્રામ પંચાયતની સીમના સર્વે નં.૫૪૫ પૈકી પ્લોટ નં. ૪૯ નુ મકાન નં. ૯૪૮ રહે છે. પરંતુ આ કામના પ્રતિવાદીએ ફરીથી વાદીને ત્રાસ આપવાનુ ચાલુ કરેલુ અને વાદીને કહેલ કે હુ તને છોડીને જતો રહેવાનુ છુ અને આ મકાન પણ હુ કોઈને પણ વેચી મારીશ તેવી ધમકીઓ આપી તા.૧/૬/૨૦૧૮ ના રોજ રાત્રીના સમયે ઘર સામાન ભરીને ઘર છોડીને પ્રતિવાદી જતા રહેલા અને આજુ બાજુ ના પડોશીને કહેતા ગયેલ કે આ મકાન વેચી મારેલ છે.

જેથી આ કામના વાદીએ અત્રેની કોર્ટમાં દાવો કરીને દાદ માંગેલ છે કે આ કામના પ્રતિવાદી સદર મકાનમાં વાદી રહે છે તેમજ વાદીનો તેમાં હીસ્સો છે જેથી સદરહુ વાદગ્રસ્ત દાવાવાળી મિલકત નુ વેચાણ કે તબદીલ કરાવે નહી તથા આ કામના પ્રતિવાદી, તેમના માણસો, એજન્ટો તેમજ મળ તીઓ મારફતે આ દાવાવાળી મિલકતમાં વાદી ને રહેતા રોકે રોકાવે નહી કે ખાલી કરે કરાવે નહી. ઉપરાંત વાદીએ સદરહુ અરજીમાં દાદ માંગેલ છે કે, દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી પ્રતિવાદી વિરુધ્ધ સદરહુ દાવાવાળી મિલકત કોઈ અન્ય ઈસમની તરફેણમાં વેચાણ, તબદીલ કે બોજો ઉભો કરવાનો કે ગીરો કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા વિનંતી કરેલ છે.

(૨) સદરહુ કામે પ્રતિવાદીને નોટીસ ઈસ્યુ કરતા આ કામના પ્રતિવાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા અને આંક-૨૩ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ રજુ કરેલો અને જણાવેલ કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જણાવેલ તમામ હકીકતો માનેલ નહી અને ખોટી હોવાનુ જણાવેલ.

વધુમાં પ્રતિવાદીએ જણાવેલ કે, સદરહુ દાવાવાળી મિલકત પ્રતિવાદીએ વાદીના તેમજ તેમના માતાપિતાના દબાણમાં આવી ને ખરીદેલ જેની ખરીદ કીમત રૂા. ૬,૫૦,૦૦૦/- માંથી પ્રતિવાદીએ રૂા. ૧,૬૦,૦૦૦/- પોતાની અંગત બચત માંથી તેમજ બાકીના રૂા.૪,૯૦,૦૦૦/-

ની લોન આધાર હાઉસીગ ફાઈનાન્સ લી. માંથી કરાવેલ.

વધુમા પ્રતિવાદીએ જણાવેલ છે કે, સદર કામના વાદી સાથે સને ૨૦૧૬ થી દાવાવાળી મિલકત માં વાદી તેમજ તેમના માતાપિતાના દબાણ થી રહેવાનુ ચાલુ કરેલ તેમ છતા આ કામના વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ ખોટા ખોટા આક્ષેપો કરી ક્રિ.પ.અ.નં.૭૫૫/૨૦૧૬ તથા ૭૫૬/૨૦૧૬ તેમજ એચ.એમ.પી.નં.૫૬/૨૦૧૭ તથા ૫૭/૨૦૧૬ થી દાખલ કરેલ અને વાદી તેમજ પ્રતિવાદી વચ્ચે સમાધાન થતા વાદીએ સદરહુ અરજીઓ વિડ્રો કરેલી. ત્યારબાદ થોડાક સમયમાં વાદી આકસ્મીક રીતે પ્રતિવાદીનો ઘરનો ત્યાગ કરીને કયાંક જતા રહેલા અને જે કયાં ગયેલા તેની કોઈને ખબર ન હતી. સદરહુ સમયગાળા દરમ્યાન બાળકીઓ આ કામના પ્રતિવાદી પાસે હતી.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, આ કામના વાદી સ્વછંદી જીવન જીવે છે. તેમજ સદરહુ દાવાવાળી મિલકતમાં રહેતા ન હોવા છતા નામ.કોર્ટમાં ખોટી ફરીયાદો તેમજ ખોટો દાવો દાખલ કરેલ છે. ઉપરાંત વાદી ધ્વારા પ્રતિવાદી સામે બીજી પણ અનેક ખોટી ફરીયાદો અને દાવા કરેલા છે જેમાંથી એટ્રોસીટી કેસ નં. ૨૫/૨૦૧૭ માં પ્રતિવાદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે.

વધુમાં આ કામના પ્રતિવાદીએ અત્રેની કોર્ટને વિનંતી કરવામાં આવેલ છે કે, વાદી ધ્વારા કરવામાં આવેલ અરજી તદ્દન ખોટી છે અને પ્રતિવાદીને હેરાન કરવા માટે કરેલ છે જેથી સદરહુ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

## **મુદ્દાઓ**

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું સગવડતા અગવડતા વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીની માંગણી મુજબ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ?

(૩) ઉપરોકત મુદાઓ અંગેના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ : નકારમાં

મુદા નં.૨ : નકારમાં

મુદા નં.૩ : નકારમાં

મુદા નં.૪ : આખરી હુકમ મુજબ

## <u>કારણો</u>

(૪) સદરહુ કામે વાદી ધ્વારા આંક–૫ હેઠળ આપવામાં આવેલ અરજી ના નિર્ણય કરતા પહેલા સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ ના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરુરી છે.

**Essential ingredient of order 39, R. 1 &2 of C.P.C.**

In order to grant Temporary Injunctions**,** it is relevant to note that it is well settled that in issuing a temporary injunction, the tests to be applied are (1) Whether the plaintiff has prima facie case ? (2) Whether balance of convenience is in favour of the plaintiff ? and (3) Whether the plaintiff would suffer any irreparable loss or injury?, if prayer for temporary injunction is not granted. It is also well settled that there is a *prima facie* case by itself is not sufficient to grant injunction, the Court further has to satisfy that non-interference by the Court would result in irreparable injury to the party seeking relief and that there is no other remedy available to the party except one to grant injunction and he needs protection from the consequences of apprehended injury or dispossession. To succeed for having ad-interim injunction as sought for the plaintiff herein has relied upon and produced the documentary evidence as referred above. On perusing and examining the said documentary evidence, more particularly, it appears if the suit property is not protected the suit will frustrate, further, looking to the purpose **Under order-39 Rule-1 of Code of**

**Civil Procedure:-**

Cases in which temporary injunction may be granted.-

Where in any suit it is proved by affidavit or otherwise-

(a) that any property in dispute in a suit is in danger of being wasted, damaged or alienated by any party to the suit or wrongfully sold in execution of a decree, or

(b) that the defendant threatens, or intends, to remove or dispose of his property with a view to defraud his creditors, the Court may by order grant a temporary injunction to restrain such act, or make such other order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of the property as the Court thinks fit, until the disposal of the suit; or until further orders.

**કામ ચલાઉ મનાઈ હુકમને નિયંત્રિત કરતા કાનૂની સિધ્ધાંતો જોઈએ તો**

સીવીલ પ્રોસીઝડ કોડ, ૧૯૦૮ના ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–૨ની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિત્વમાં હોય તો કાચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–૨ની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ, રૂલ–૧ હેઠળના સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે,અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા ફરજ પાડી શકાય નહી. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે, વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સંયુકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારીત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલતને સંતોષ થાય એ રીતનું બતાવવુ જ પડે કે,

:૧: દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પૂરી શકયતા છે.

:૨: મનાઈહુકમ માંગનાર વ્યકિતના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

:૩: જો મનાઈહુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહી તેવુ અસહય નુકશાન થવાનો સંભવ છે.

''પ્રથમદર્શનીય કેસ'' એટલે વાદીએ કે, કામચલાઉ મનાઈહુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની,સામાન્ય વ્યકિતને,દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનુ ધ્યાન આપવુ જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીતપણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવો વિચાર પેદા કરે કે, કંઈક અઘટિત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે.વાદીનો કેસ ક્ષુલ્લક કે, ત્રાસદાયક નથી,અને તેમાં ગંભીરપ્રકારના પ્રશ્ન અંગે ઈન્સાફી કાર્યવાહી કરી નિર્ણય કરવાનો છે. કામચલાઉ મનાઈહુકમની માંગણીના તબકકે, માંગણી કરનાર વ્યકિતનો મહત્વનો પ્રશ્ન સંકળાયેલ છે અને શુધ્ધબુધ્ધિથી તે તેના હકકની માંગણી કરેલ છે,અને તે માટે ઈન્સાફી કાર્યવાહી ની અને ન્યાયી નિર્ણયની જરૂરીયાત ઉભી થયેલ છે.

(૫) સદરહુ કામે વાદીએ કરેલ દાવાની દાદ વંચાણે લેતા વાદી દાવાવાળી મિલકત પ્રતિવાદી કોઈ ને વેચે વેચાણે નહી, બક્ષીશ કે ગીરો કરે કરાવે નહી તેની માટેનો છે. તેમજ વાદી ધ્વારા આંક−૫ હેઠળ કરેલ અરજીની દાદ જોતા સદરહુ દાદ આંક−૧ હેઠળ માગેલ દાદની સમકક્ષ છે. જેથી બંને દાદ ધ્યાને લેતા તેમજ રેકર્ડ પરની હકીકતો જોતા તેવુ ફલીત થાય છે કે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ આંક−૫ મંજુર કરવામાં આવે તો તે વાદીના દાવા ને મંજુર કર્યા બરાબર ગણાશે. આથી અત્રે ની કોર્ટ ધ્વારા નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ છે.

***In Shiv Kumar Chadha V. Municipal Corporation of Delhi 1993 (3) SCC 161*** *a bench of three judges of this Court held that a party is not entitled to an order of injunction as a matter of course. Grant of injunction is within the discretion of the court and such discretion is to be exercised in favour of the plaintiff only if it is proved to the satisfaction of the court that unless the defendant is restrained by an order of injunction, an irreparable loss or damage will be caused to the plaintiff during the pendency of the suit. The*

*purpose of the temporary injunction is, thus, to maintain* the status quo. *The court grants such relief according to the legal principles-ex debito justitiae. Before any such order is passed the court must be satisfied that a strong prima facie case has been made out by the plaintiff including on the question of maintainability of the suit and the balance of convenience is in his favour and refusal of injunction would cause irreparable injury to him. Further the court should be always willing to extend its hand to protect a citizen who is being wronged or is being deprived of a property without any authority in law or without following the procedure which are fundamental and vital in nature. But at the same time the judicial proceedings cannot be used to protect or to perpetuate a wrong committed by a person who approaches the court."*

***In case of Metro Marins V. Bonus Watch AIR 2005 SC 144, The hon'ble Supreme Court observed***

*In the instant case the issue whether the plaintiff is entitled for possession was yet to be decided by the trial court hence granting of any interim order directing handing over of possession to plaintiff would only mean decreeing the suit even before trial. Further Hon'ble Gujarat High Court in case of Jaganben A. Patel Versus State of Gujarat 1999 (0) AIJEL – HC 205296: 1999-GLH-1-846, observed:*

*The law is almost settled that in substance giving the principle relief by way of interim relief is impermissible. See State of U.P V/s Vishveshwar, 1995 Supp. (3) SCC 590. Interim order should not amount to overreaching the main relief which ultimately the court may or not grant.*

(૬) કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવા માટેની વધારાની એક શરત એવી છે કે, મનાઈહુકમથી કોને વધારે પ્રતિકુળ અસર પડે તેમ છે અને કોને વધારે અનુકૂળ અસર પડે તેમ છે. તેનો પરસ્પર વિચાર કરી તેની સમતુલ્લાના આધારે કામચલાઉ મનાઈહુકમની માંગણીનો નિર્ણય કરવાનો હોય છે. સદર ઘટકને કાનૂની ભાષામાં Balance of convenience તરીકે ઓળખાય છે.કામચલાઉ મનાઈહુકમ અંગે નિર્ણય કરતી વખતે પોતાના હુકમથી જે પક્ષકારની વિરૂધ્ધ હુકમ કરવાનો છે, તે પક્ષકાર ઉપર પોતાના હુકમના કારણે શું કે કેટલી પ્રતિકૂળ અસર થશે તે અંગે વિચાર કરવાનો હોય છે. અદાલતે મનાઈહુકમનો નિર્ણય, હુકમથી થતી પ્રતિકૂળ અને અનુકૂળ અસરોનું તુલનાત્મક મૂલ્યાંકન કરી હુકમ કરવાનો હોય છે. આ ઉપરાંત સગવડતા, અગવડતાની દષ્ટિએ જોઈએ તો મનાઈહુકમની અસામાન્ય

દાદનો જવલ્લે જ (અપવાદરૂપ કિસ્સામાં)ઉપયોગ કરવાનો હોય છે. જયારે આ કામના વાદીને તેના પ્રમાણમાં નુકશાન થાય તેમ ન હોય તે રીતે પણ આ કામના વાદી કરતાં પ્રતિવાદીની તરફેણમાં સગવડતા–અગવડતાનું પલ્લું નમતુ હોય. સદરહું કેસની હકિકતો ઘ્યાને લેતાં, જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં આવે તો, મનાઈ હુકમના ઓથા હેઠળ વાદી સદરહુ દાવો પોતાની તરફેણમાં આંક–પ ના સ્ટેજ પર મંજુર કરાવવાની સંભાવના રહેલી છે અને જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો હાલમાં જે સ્થિતિ છે તેના થી કોઈ વિપરીત સ્થિતિ ઉપસ્થિત થવાની નથી. જેથી બેલેન્સ ઓફ કન્વેન્યન્સનુ તત્વ વાદીની તરફેણમા નથી. જેથી મુદા નં. ર નકારમાં ઠરાવુ છુ.

માંગણીદારે વધુમાં અદાલતને બતાવવુ જરૂરી બને છે કે, જો માંગણી મુજબનો કામચલાઉ મનાઈહુકમ તેની તરફેણ માં મંજુર કરવામાં નહી આવે તો તેને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહ્ય અને પારાવાર નુકશાન થશે અને કામચલાઉ મનાઈ હુકમ ની માંગણી સિવાયના તેના માટે બીજી કોઈ ન્યાયી દાદ નો વિકલ્પ નથી, કે જેથી તે પોતાના હકકનું રક્ષણ કરી શકે, અને ઉભા થયેલા કે, થતા નુકશાન ને કે,નુકશાનના ભયને અટકાવી શકે અને તેના રક્ષણમાટે અદાલતનો હસ્તક્ષેપ નિ:શંકપણે જરૂરી છે. જેને કાનૂની પરિભાષામાં " Irreparable Injury " કહેવાય છે. " Irreparable Injury" એટલે ગંભીર નુકશાન કે મહત્વશીલ હાની કે, બગાડ કે અતિશય ખોટ કે જે સહેલાઈથી ભરપાઈ ન થઈ શકે. "Irreparable Injury" ત્યારે જ કહેવાય કે,વ્યથિત વ્યકિતને તેની સામેના દુષ્કૃત્ય કે, અપકૃત્યનો બદલો નિશ્ચિત થયેલ માણદંડ મુજબ નાંણાથી કે, અન્ય કોઈ રીતે મળી શકે નહી. મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલતને પ્રથમ દર્શનીય રીતે એવુ બતાવવુ જ પડે કે, તેના રક્ષણ માટે અદાલતનો હસ્ત્ક્ષેપ અનિવાર્ય છે. " Irreparable Injury " નો અર્થ એવો નથી કે, વાસ્તવિક રીતે Injury નિવારી શકાય તેવી શકયતા નથી. તેનો અર્થ ફકત એટલો જ કે Injury મહત્વપુર્ણ હોવી જોઈએ કે, જેનુ વળતર પૂરતુ મળી શકે નહી. " The Inadequacy of the remedy by damages " બે ઘડી એવુ માની લેવામાં આવે કે, વાદીનો પ્રથમદર્શનીય રીતે કેસ છે અને સગવડતા–અગવડતાનું પલ્લું પણ વાદીની તરફેણમાં નમે છે.તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે, શું વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે?

પ્રથમદર્શનીય કેસ ઉપરાંત, માંગણીદારે અદાલતને બતાવવુ જ પડે છે કે, જો પ્રતિવાદીનુ કૃત્ય અટકાવકવામાં નહી આવે તો તેને નાણાથી ભરપાઈ ન થાય તેવુ અસહ્ય નુકશાન થશે અને તે નુકશાન એવુ થશે કે, જો વાદી ગુણદોષ ઉપર સફળ થશે તો પણ તેને દાવાનુ ફળ મળશે નહી.

હાલના કેસની હકીકત જોઈએ તો, જો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવુ કોઈ પારાવાર નુકસાન થવાનુ નથી. પ્રતિવાદીઓ વાદીના હકકને કોઈ નુકસાન કરી રહયા હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી સામે આપવામાં ન આવે તો વાદીને નાણામાં

ના આંકી શકાય તેવું નુકસાન વાદીને થવાની સંભાવતા રહેલ નથી. આમ, વાદી પોતાનો કેસ પ્રાયમાફેશી પુરવાર કરી શકેલા નથી જેથી ઈરીપેરેબલ લોશનો સિધ્ધાંત વાદીની તરફેણમાં નથી તેવુ પુરવાર થતુ હોય મુદા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.

(૭). આમ ઉપરોકત રીતે મનાઈહુકમ આપવા અંગેના ત્રણે–ત્રણ કાર્ડીનલ પ્રિન્સીપલ્સ વાદીની તરફેણમાં પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતા ન હોય, આ સંજોગોમાં કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવશે તો અતિશયોકિત ભર્યુ જણાશે તેવુ મારૂ વિનમ્રપણે માનવુ છે. જેથી મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી મુદા નં. ૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૮). આમ ઉપરોકત રીતે મનાઈહુકમ આપવા અંગેના કાર્ડીનલ પ્રિન્સીપલ્સ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

**૧.** વાદીની આંક–૫ ની અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે હાલ કોઈ હુકમ નથી.

*આ હુકમ આજ તા. ૦૨ જી, માહે – ડીસેમ્બર સને.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.*

Place : Himmatnagar
Date : 02.12.2024

**(Pankti P. Soni)**
6th Additional Civil Judge
S. K. @ Himmatnagar.
Judge Code No. GJ01720